## Rps Online summer camp 2020

કોરોના મહામારીના લીધે રાજ્યની તમામ શાળાઓમાં બાળકોને રજા જાહેર કરી દેવામાં આવી. પરીક્ષા રદ કરી માસ પ્રમોશનનો નિર્ણય સરકારશ્રી તરફથી જાહેર થયો. પછી શાળાના પેન્ડિંગ કાર્ય કરતા બાળકોને શાળા સાથે જોડવા અને આવા વેકેશન જેવા સમયમાં શુ થઈ શકે તે માટે શિક્ષણનું અન્ય માધ્યમ ઓન લાઇન શિક્ષણ અને સોશિયલ મીડિયા મોટું સાધન બન્યું . બાળકો માટે ના અઠવાડિક મૂલ્યાંકન માટે ગૃહકાર્ય આપવા વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવ્યું. બાળકો સાથે વાતચીતમાં વેકેશન કેમ્પ યોજાશે કે નહીં કેવી રીતે ? તો વિચાર આવ્યો કે રોપડા શાળામાં દર વર્ષે સમર કેમ્પ , વિન્ટર કેમ્પ યોજાય છે તો શું આ વર્ષે યોજી શકાશે? જો હા તો શું નવો આ પ્રયત્ન શુ હોઈ શકે શુ વોટ્સએપ માધ્યમ આ કેમ્પ માટે અનુકૂળ રહેશે કે નહીં. ? આવા પ્રશ્નો સાથે મારે હિરેનભાઈ ઠક્કર કે જે અગત્સ્ય ઇન્ટરનેશનલ સંસ્થામા કાર્ય કરે છે તેની સાથે અને આઈ.આઈ.એમ સંસ્થાના પ્રો. શ્રી અવિનાશ ભંડારી સાહેબ સાથે વાતચીત થતા એક નવી દિશા મળી. પણ આ દિશાને ઓપ આપવાનું મારું કઠિન કાર્ય રોપડા શાળાના વિદ્યાર્થી પ્રતીક પ્રજાપતિએ વોટ્સએપ ગ્રુપ બનાવી દેતા અમારું કાર્ય ખૂબ સરળ થયું અને આવા પહેલા ઓનલાઈન કેમ્પમાં શરૂઆતમાં 30 સભ્યો જોડાયા જેમાં 23 રોપડા શાળાના બાળકોના વાલી ના નંબર અને અગત્સ્યમાંથી 3 , આઈ આઈ એમ ના 1 અને રોપડા શાળાના 3 શિક્ષકો જોડાતા વોટ્સએપ ગ્રુપમાં આ સમર કેમ્પ શરૂ કરવામાં આવ્યો. અને પહેલા દિવસના કાર્યની યોગ્ય સફળતા મળતા અન્ય જિલ્લાના બાળકો પણ આવી રીતે કેમ્પમાં જોડાય અને શૈક્ષણિક માહિતી અને પ્રવૃત્તિનું આદાન પ્રદાન થાય તે હેતુ સાથે અન્ય શિક્ષકો અને સંસ્થા તથા બાળકોને જોડવા ગ્રુપની લિંક સોશિયલ મીડિયા માધ્યમે મોકલવામાં આવી અને સભ્યોની સંખ્યા 150 સુધી પહોંચી.. અને હાલ આ સમર કેમ્પનો ત્રીજો દિવસ ચાલી રહ્યો છે ત્યારે અમને નવી દિશા પણ મળી છે આથી હું અગત્સ્ય ઇન્ટરનેશનલ , આઈ.આઈ.એમ , સ્ટેમ એજ્યુકેશન, લીટલ ચેમ્પસ સ્કેટિંગ કલાસ અને તમામ શિક્ષકો અને બાળકોનો આભારી છું..

કેટલીક અન્ય જરૂરી માહિતી :-

-  આ ગ્રુપ 4/4/2020 ના રોજ શરૂ કરવામાં આવ્યું
-  કુલ 150 સભ્યો આ સમર કેમ્પ ગ્રુપમાં જોડાયેલ છે. જેમાં અલગ અલગ જિલ્લાના સરકારી શાળાના 25 શિક્ષકો , 25 શૈક્ષણીક સંસ્થા, 5 બિન શૈક્ષણિક સંસ્થા , 15 અંગ્રેજી માધ્યમની શાળાના બાળકોના વાલી , અન્ય સરકારી શાળાના 20 બાળકો, રોપડા શાળાના 35 બાળકો અત્યારે જોડાયેલ છે.
-  બે દિવસના સમર કેમ્પ ના રીવ્યુ આપીએ તો 80 જેટલા બાળકોની સિંગલ કે ગ્રુપમાં થયેલ પ્રવૃત્તિના ફોટોગ્રાફ મળેલ છે. જેમાં પ્રથમ દિવસની કૃતિમાં 15 બાળકોની દીવા બનાવવાની પ્રવૃત્તિના ફોટો મળેલ છે અને 3 જેટલા બાળકો ના પાસે સ્માર્ટ ફોન ન હોવાથી ફોટો પ્રાપ્ત થયેલ નથી બીજા દિવસે ડ્રોઈંગ પ્રવૃત્તિ મા 35 જેટલા બાળકોના ફોટોગ્રાફ પ્રાપ્ત થયેલ છે.
-  આ ગ્રુપ અત્યારે ગુજરાત ના અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, પંચમહાલ, આણંદ, અરવલ્લી, સુરત, વડોદરા એમ 10 જિલ્લાના શિક્ષકો જોડાવાથી સુંદર રીતે કાર્યરત છે.
-  આ ગ્રુપમાં દરરોજ સવારે દરેકને સવારે 10 વાગ્યા સુધીમાં એક ટાસ્ક આપાય છે. અને સાંજે પાંચ વાગ્યા સુધી મા રિપોર્ટ મેળવવામાં આવે છે આ કાર્ય સાથે જરૂરી માર્ગદર્શન અને માહિતી આપવામાં આવે છે. આ કાર્યમાં હિરેન ભાઈ, ઝીંકલબેન અને રોપડા શાળાના આચાર્ય અને શિક્ષકો તરફથી જરૂરી અપડેટ અને શું કરવું અને કેવી રીતે કરવું તે માટે જરૂરી મદદ મળી રહે છે. જરૂર પડતા અવિનાશ ભંડારી સાહેબ સાથે રહેતા તેમાં ઘણી સરળતા રહે છે.
-  દર કલાકે નવા જોડાતા સભ્યોને અગાઉની માહિતી આપવા અને સમાજ આપવા નિશિથિભાઈ અને હિરેનભાઈ જરૂર પડ્યે ફોન કરી .માહિતી અપાય છે.

- સૌથી મોટો પ્રશ્ન કેટલાક અંગ્રેજી માધ્યમના બાળકો જોડાતા તેઓના બાળકો અને તેમને પર્સનલી અંગ્રેજીમાં માહિતી આપવામાં આવે છે. તેઓ વારંવાર એક પ્રશ્ન પૂછતા કે શું આ ફ્રી કેમ્પ છે?? તમે કોણ છો? અને યોગ્ય જવાબ આપતા તેઓ આ ગ્રુપ સાથે પોતાના બાળકોને જોડી શક્યા.
- સ્માર્ટફોન ન હોય તેવા બાળકો ફોન કરીને માહિતી મેળવે છે અને હવે તેઓનો વોઇસ રેકોર્ડ કરી માહિતી મેળવવાય છે.
- દિવસના અંતે કેટલા બાળકોએ ભાગ લીધો અને કેટલી પ્રવૃત્તિ મા કેટલા બાળકોએ સુંદર કાર્ય કર્યું તેની નોંધ માટે અત્યારે રજીસ્ટરમાં નોંધ થાય છે અને હવે તે અનુસાર ગુગલ ફોર્મ બનાવી દૈનિક માહિતી ભરી વિશ્લેષણ કરવામાં આવશે.
- આ ગ્રુપમાં કેટલાક શિક્ષકોને જોડી એડમીન બનાવી તેઓના બાળકો પણ આ કેમ્પમાં જોડાઈ શક્યા તે ખૂબ સુંદર બાબત છે.
- સ્ટેમ સાયન્સ સંસ્થા દ્વારા હવે બાળકો ઘરે કરી શકે તેવા પ્રયોગો અને તેના લાગતી માહિતી અને વીડિયો મૂકવામાં  આવશે..